**વંચાણે લીધા :**

**૧.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૧/૨૦૧૯, તા.૨૭/૫/૨૦૧૯ તથા

**૨.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૬/૨૦૧૯, તા.૧૧/૭/૨૦૧૯ તથા

**૩.** પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેરના જાહેરનામા હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૭/૨૦૨૧, તા.૧૮/૧૨/૨૦૨૧ અન્વયે.

## જાહેરનામું

## પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૦ /૨૦૨૨, તા. ૭ /૭/૨૦૨૨

હું, સંજય શ્રીવાસ્તવ,I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઇ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેરમાં રખડતાં ઢોરના કારણે થતા માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રાહદારી અને વાહન સાથે મુસાફરી કરતાં નાગરીકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યક્તિઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરોને કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરોની પ્રવૃત્તિને કાબુમાં લઇ માર્ગ અકસ્માત નિવારવા અત્યંત જરૂરી બાબત બની ગયેલ છે. તેમજ શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્નના નિવારણ તથા અટકાવનું કાયમી નિરાકરણ લાવવું પણ જરૂરી છે.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરોના (ગાય,ભેસ વિગેરે ઢોર) માલિક, ગોપાલકોએ દિન-૬૦ માં પોતાની માલિકાના તમામ ઢોરોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેપ તથા ચીપ લગાવડાવી તેના દ્વારા પોતાના ઢોરોનું રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરાવી લેવા તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિકી બદલાય એટલે કે, આવા રજીસ્ટ્રેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષીશ અથવા વારસાઇરૂપે માલિકી હક્ક બદલાય તો તેની જાણ જે તે ઢોરના માલિકે અમદાવાદ મયુનિસિપલ કોર્પોરેશનને કરવા, એ જ પ્રમાણે જો ઢોરનું મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા સબંધે આમુખ (૨) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી આ બાબતે શહેર વિસ્તારના પશુમાલિકો/પશુપાલકો તેમની અંદાજીત પણે પશુઓની સંખ્યા પશુમાલિક/પશુઓની નોંધણી RFID ચીપ અને ટેગ લગાવ્યાની વિવિધ બાબતોની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર સ્થળો તથા રસ્તા પર ઘાસચારાનું વેચાણ કરવા અને જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો પર આમુખ (૧) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

રખડતા પશુ દ્વારા વાહન ચાલકો,બાળકો,વૃદ્ધોને શિંગડું મારવાથી નુકશાન થવાના બનાવો,ગંદકી, ભયજનક વાતાવરણ ઉભુ કરવા જેવા સમાચારો અવાર-નવાર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા હોય છે. જાહેર રસ્તા ઉપર પશુઓ છુટા મુકવાના કારણે રસ્તા પર થતો ટ્રાફિક,ન્યુસન્સ,ગંદકી, અકસ્માત, જાનહાનિ તથા

ફૂલ-છોડ જેવા પ્લાન્ટેશનને નુકશાન થતુ હોય છે તથા શહેરનાં ગ્રીન પેચ ડેવલપમેન્ટમાં મુશ્કેલી ઉભી થાય છે.

અમદાવાદ શહેર ઝોનના વિવિધ વોર્ડ/વિસ્તારોમાં આવેલી શાળા, મ્યુઝીયમ, કોલેજો, યુનિવર્સિટી, ધાર્મિક સ્થળો, બગીચાઓ, ગાર્ડન, શૈક્ષણિક સંકુલો, હોસ્પીટલો, ઈવેન્ટ્સ બજારો, શાક-માર્કેટ, હોલ, સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે તથા નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, બસ સ્ટેશન, હાઈવે, શાળા-કોલેજ, યુનિવર્સીટી, શાકમાર્કેટ, બજારો, ગાર્ડન, બ્રિજ, રીંગ રોડ, બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ, ચાર રસ્તા જંકશન, નેશનલ હાઈવે, એક્સપ્રેસ વે, એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર, ગીચતા ધરાવતા જાહેર સ્થળો, ટ્રાફિકમાં પણ રખડતા પશુઓની સમસ્યા રહે છે. જે દૂર કરવા આવા વિસ્તારોને નો-કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે.

સોલા, ઘાટલોડીયા વિસ્તારની નજીકમાં આવેલ લક્ષ્મણગઢનો ટેકરો, ચાલી વિસ્તારોમાં પશુઓ રાખવા માટે જરૂરી શેડ/સ્પેશ/જગ્યા નહી હોવાથી/ઓછી જગ્યા હોવાથી પશુઓને બાંધીને નહી રાખી તેઓ દ્ધારા જાહેર સ્થળો/રસ્તા પર પશુઓ ખુલ્લા મુકવાથી નાગરિકોને અડચણ/ન્યુસન્સ તથા ટ્રાફિકમાં અવરોધ ઉભો થાય છે. તેમજ ગંભીર અકસ્માત, જાનહાનીના બનાવો બનતા હોવાના સમાચાર વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થતા હોય છે. મુખ્યત્વે આ સ્થળો પર રખડતા પશુઓના કારણે ટ્રાફિકની સમસ્યા રહે છે. આ તમામ બાબતો ધ્યાને લઈ ઉત્તર-પશ્ચિમ ઝોનના સોલા હાઈકોર્ટ આસપાસના નીચે જણાવેલ વિસ્તારોને **'કેટલ ફ્રી એરીયા/નો-કેટલ ઝોન'** તરીકે જાહેર કરવામાં આવે છે.

**-: 'કેટલ ફ્રી એરીયા/નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરેલ વિસ્તાર (બાઉન્ડ્રીની વિગત) :-**

**સોલા હાઈકોર્ટ તથા તેના આજુબાજુના વિસ્તારો**

**૧. ઉત્તર દિશા »** ડમરૂ સર્કલથી શાયોના હાઈસ્કુલ કેમ્પસથી ડાબી બાજુથી ચાંદલોડીયા બી-રેલ્વે સ્ટેશન થઈ મારૂતીનંદન ગાર્ડન રેસ્ટોરંન્ટ રોડથી આર.સી. ટેકનીકલ રોડ સુધીનો વિસ્તાર.
**૨. દક્ષિણ દિશા »** સોલા ચાર રસ્તાથી ડાબી બાજુ થઈ નિતીનગર કો.ઓ.હા.સોસા.લી.-૧ થી મલ્હાર ફ્લેટ સોલા બ્રીજ નીચે સુધીનો વિસ્તાર.
**૩. પુર્વ દિશા »** સરદાર પટેલ ચોક ચાર રસ્તા, સતાધાર ચાર રસ્તાથી પુર્વ દિશા ભુયંગદેવ ચાર રસ્તાથી ડાબી બાજુ સમર્પણ ફ્લેટથી પેટલસ્ટ હોટલની જમણી બાજુ થઈ ઘાટલોડીયા વોર્ડ ઓફીસથી ડાબી બાજુ થઈ શક્તિ ટેનામેન્ટ રેલ્વે ફાટકથી ચાંદલોડીયા રેલ્વે સ્ટેશન સુધીનો વિસ્તાર.
**૪. પશ્ચિમ દિશા »** ભાગવત સર્કલ, ભાગવત વિદ્યાપીઠથી ડાબી બાજુ નીલગીરી સર્કલ/સાંઈધામ ચોક થઈ ચંદનપાર્ટી પ્લોટથી HDFC બેન્ક ચાર રસ્તા સુધીનો વિસ્તાર.

જેથી ઉપર મુજબ જાહેર કરેલ **'કેટલ ફ્રી એરીયા/નો-કેટલ ઝોન'** માં કોઈપણ પશુપાલક/પાશુમાલિક પોતાનું પશુ જાહેરમાં રખડતું મુકી શકશે નહી. જો તેમ કરવામાં આવશે તો જે તે પશુના માલિક વિરુદ્ધ જાહેરનામાના ભંગ સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પોલીસ વિભાગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઢોર ત્રાસ અંકુશ વિભાગ (C.N.C.D.) ના સંકલનમાં રહી આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાનુની કાર્યવાહી કરવાની રહેશે.

આ સબંધે આ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલક/પશુમાલિકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશના સબંધિત વિભાગે તથા સ્થાનિક પોલીસે જરૂરી સમજ કરવાની રહેશે.

આ આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા. ૯/૭/૨૦૨૨ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૭ /૭/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૭ /૭/૨૦૨૨
અમદાવાદ શહેર

( સંજય શ્રીવાસ્તવ )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

૧. મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨ -/ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
૨. અગ્ર સચિવશ્રી ,ગૃહ વિભાગ ,ગુજરાત સરકાર ,સચિવાલય ,ગાંધીનગર .
૩. પોલીસ મહનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ,ગુ.રા .પોલીસ ભવન,ગાંધીનગર .
૪. કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી ,સુભાષબ્રીજ,અમદાવાદ શહેર .
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ ,અમદાવાદ શહેર .
રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર .
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,દાણાપીઠ, અમદાવાદ શહેર .
૭. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
૮. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
૯. માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર,૨ નકલ
૨ -/જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨,ટ્રાફીક,મુખ્ય મથક,વિશેષ શાખા,વહીવટ,અમદાવાદ શહેર
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ,અમદાવાદ શહેર .
૩. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર .
૪. જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર
૨ -/જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન ,આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ .
૫. તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ ..........................................અમદાવાદ શહેર
૨ -/જાણ સારૂ તેમજ પો.સ્ટે .વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.
૬. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ,ટ્રાફીક વહીવટ,અમદાવાદ શહેર, ૮ નકલ